Acknowledgment

# નિવેદન

મારા શાળાજીવનથી મને ગુજરાતી ભાષાસાહિત્ય તરફ અભિરુચિ વધારે હતી. સ્નાતક કક્ષાએ ગુજરાતી વિષય સાથે સફળતા પ્રાપ્ત કર્યા પછી એમાં જ વધુ અભ્યાસ કરવાનો નિર્ણય કરી હું આગળ વધ્યો. અનુસ્નાતક કક્ષાએ પણ સંતોષજનક પરિણામ આવ્યું એટલે ઉત્સાય દ્વિગુણિત થયો. 'આનાથી કંઇક વિશેષ ... ... ...' પ્રાપ્ત કરવાની ઝંખના જાગી. યુ.જી.સી. દ્વારા લેવાતી નેટની પરીક્ષા આપી અને જુનિયર રીસર્ચ ફેલોશીપ પ્રાપ્ત થઇ. મારા મનમાં ઘણા સમયથી અંકુરિત થઇ ચૂકેલું ઉચ્ચ પદવી પ્રાપ્ત કરવાનું બીજ હવે સાર્થક કરવાની મને તક સાંપડી. કંઇ કેટલાય સંઘર્ષોમાંથી પસાર થયા પછી મને આ સંજોગો પ્રાપ્ત તયા ત્યારે સાચે જ લાગ્યું કે - ' Where there is a will there is a way'.

આ શોધનિબંધની વિષય પસંદગી માટે ખાસ્સી એવી મથામણ આરંભી. તે સમયના ગુજરાતી વિભાગના અદ્યક્ષશ્રી અને મારાં માર્ગદર્શક સુધાબહેન સાથે ઘણી ચર્ચા કર્યા બાદ ગાંધીયુગના બે સમર્થ નવલકથાકારો મુનશી અને પન્નાલાલનો અભ્યાસ શરૂ કર્યો. એમના સમયગાળામાં કનૈયાલાલ મુનશીનો ઐતિહાસિક નવલકથા ક્ષેત્રે ડંકો વાગતો હતો તો પન્નાલાલ પટેલનો જાનપદી નવલકથા ક્ષેત્રે. ગુજરાતી સાહિત્યના ઘણા અભ્યાસીઓએ આ વિશે લખ્યું છે. પરંતુ આ બંને મોટાગજાના સર્જકોનું પૌરાણિક નવલકથા ક્ષેત્રે પન એવું જ વિપુલ યોગદાન રહ્યું છે એનો અભ્યસ થયો નહોતો. ક્યાંક છૂટાછવાયા અભ્યાસલેખો ઉપલબ્ધ છે પરંતુ એક જ પૌરાણિક કથાવસ્તુને કેન્દ્રમાં રાખી આ બંને સર્જકોએ અભિવ્યક્તિ પરત્વે કેવો કસબ દાખવ્યો છે તેનો અભ્યાસ થયો નહોતો. પ્રસ્તુત શોધનિબંધમાં આ પ્રકારનો તલસ્પર્શી અભ્યાસ પ્રથમવાર થઇ રહ્યો છે.

મે પહેલામ મૂળ પૌરાણિક કથાઓનું વાંચન કર્યું ત્યાર બાદ બંને સર્જકોના સમગ્ર પૌરાણિક નવલકથા સાહિત્યમાંથી પસાર થવા માંડયું અને જ્યાં જ્યાં બંનેનું સ્વત્વ અને સત્ત્વ પ્રગટ થયું છે તે તે નોંધવા માંડયું. પન્નાલાલે તો મોટી સંખ્યામાં પૌરાણિક નવલકથાઓ આપી છે તેથી જે કૃતિઓમાં પન્નાલાલની પ્રતિભા ઝળકી છે તેની વિગતે ચર્ચા કરવાનો મે ઉપક્રમ રાખ્યો અને કેટલીક કૃતિઓ જેમાં ગ્રામ્યભાષામાં માત્ર પૌરાણિક કથા જ પ્રગટ થઇ છે તેનો અછળતો ઉલ્લેખ કરી સંતોષ માન્યો.

કથનકેન્દ્ર એક જ છે તો પણ સર્જકોની અભિવ્યક્તિક્ષમતા, ભાષાશૈલી, વર્ણનકલા, અર્થઘટનોની આગવી પદ્ધતિ - આ સઘળું મુનશી અને પન્નાલાલ બંનેનું નોખું છે. આ તફાવતમાં એમનાં કુટુંબજીવન, શિક્ષણ અને ઘડતરપરિબળો એ ઘણો મોટો ભાગ ભજવ્યો છે. યુગચેતનાને ઝિલવાની બંનેની પદ્ધતિ નોખી છે. બંનેને જોવાના માણવાના અને નાણવાના ગમે છે. સર્વવિદિત કથાવસ્તુ હોવા છતાં બંનેની પૌરાણિક કથાનકો પાસે

જવાની મતિ અને ગતિને કારણે નવાં પરિમાણો સર્જાતાં જાય છે. આ સર્વનો તુલનાત્મક અભિગમથી અહીં પ્રથમવાર અભ્યાસ રજૂ કર્યો છે. કેટલાંક મૌલિક તારણો આપી બંનેની કૃતિઓનું મૂલ્યાંકન કર્યું છે.

મારા આ સંશોધન કાર્યમાં મને મારા ગુરુજનો, કુટુંબીજનો તથા મિત્રોનો સારો સહકાર પ્રાપ્ત થયો છે એને હું મારું સદ્ભાગ્ય સમજું છું. મારા માર્ગદર્શક મુરબ્બી સુધાબહેન તરફથી મને વારંવાર દિશાસૂચનો ન મળ્યાં હોત તો હું આ કાર્ય પૂર્ણ ન કરી શક્યો હોત. એમણે મને વિષયસૂચનની સાથે સાથે યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યાં છે. હું હૃદયપૂર્વક આ ઋણસ્વીકાર કરું છું. મારા પ્રિન્ટીંગ કાર્યને કોમ્પ્યુટર પર ખૂબ જ ઝડપથી પૂર્ણ કરી આપવા બદલ મનીષા દવેનો તથા પ્રૂફ રીડીંગ જેવી અન્ય કામગીરીમાં મદદરૂપ બનવા બદલ રાકેશ, યજ્ઞેશ દવે, જયંત ઉમરેઠિયા, રેખા, નીતુ તથા વર્ષાનો આભાર માનું છું. મારા નાનકડા ત્રણ વર્ષના 'નીરવ' તરફ આ સમયગાળા દરમિયાન હું ઝાઝું ધ્યાન આપી શક્યો નથી તેથી એનાં હળવાં તોફાનોની પણ નોંધ લઉં છું. આ ઉપરાંત જે સ્નેહી-સ્વજનો અને સંસ્થાઓએ મારા આ કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સહયોગ આપ્યો છે તે સર્વનો હું આ ક્ષણે ઋણ સ્વીકાર કરું છું.

સહી
રાજેન્દ્રકુમાર ક. રોહિત

સ્થળ : વડોદરા
તારીખ : ૧૧-૮-૨૦૦૦